**'અક્ષરજ્ઞાનની યોજના'** નો ઉદ્દેશ હિંદી હરેક જણને અને આજે આપણી ભાષા ગુજરાતી દ્વારા હરેક અભણ બૃહત ગુજરાતીને વાંચતો કરવાનો છે.

'અક્ષરજ્ઞાનની યોજના' ઉપાડવાનું આપણે સાક્ષરોને એટલે જેને જેને વાંચતાં આવડે છે તેને માથે આવી પડે છે. આપણે એટલે હરેક વ્યક્તિએ, હરેક વાંચી શકે છે તેણે; આપણે એટલે આપણા જુવાનો–જુવાન વિદ્યાર્થીઓ. જુવાનો રાત્રિશાળાઓ કાઢે, ગામડે ગામડે ફરે અને 'અક્ષરજ્ઞાન' શાળાઓ ચલાવે. શેરીએ શેરીએ, લત્તે લત્તે, રાત્રે કે દિવસે, બહેનો તથા ભાઈઓ માટે અક્ષરજ્ઞાન શાળાઓ ચલાવે. ચીનના જુવાનોએ એક જ વર્ષમાં ચીનને અક્ષરજ્ઞાનવાળો કરી મૂક્યો છે! યુવાનો ધારે તો ગુજરાતની નિરક્ષરતા કેટલા દિવસે નભે?

આપણે સૌ – જુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, જે કોઈ ભણેલ છે અને ભણાવી જાણે છે, તે સૌ આમાં મેદાન પડો અને કેટલા ય વખતથી આપણને સીધી અને આડકતરી રીતે પીડી રહેલા અજ્ઞાનને દૂર કરવા ઝૂકી જાઓ. ઈશ્વર આપણો પ્રયત્ન પાર પાડશે!

### ભણનાર માટેનાં પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ચાલો વાંચીએ | ૧–૫૦ | આગળ વાંચો–૨ | ૧–૫૦ |
| આગળ વાંચો–૧ | ૧–૫૦ | આગળ વાંચો–૩ | ૧–૫૦ |

મુદ્રક : શ્રી રામાનન્દ પ્રિ. પ્રેસ. કાંકરિયા રોડ, અમદાવાદ ૨૨.
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર પો. બો. નં. ૩૪, ભાવનગર

અક્ષરજ્ઞાન યોજના

# કેમ શીખવવું

ગિજુભાઈ

✻

સંસ્કાર : સાહિત્ય મંદિર
પો. બો. નં. ૩૪ દરબારગઢ
૧૯૭૮] ભાવનગર [૦=૭૫

# નિરક્ષરતા નિવારણ ઝૂંબેશ

દરેક અભણને વાંચતો કરવાની ફરજ આપણા સૌની છે. ગુજરાતમાં આ પ્રવૃત્તિ જોરશોરથી શરૂ થઈ છે. પ્રત્યેક ભણેલા ભાઈ–બહેનની એ જવાબદારી છે કે એ ઝૂંબેશમાં નિજપૂરતો ફાળો આપવો.

નિરક્ષર લોકોને ભણાવવા માટેનું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે એ માટે નીચેના સ્થળેથી તમામ પ્રકારની માહિતી મગાવી શકાશે.

**સંસ્કાર સાહિત્ય મંદિર**
**પો. બો. નં. ૩૪ : ભાવનગર**

# શીખવનારાઓને સૂચનાઓ

•

**પૂર્વતૈયારી**

દરેક ભણાવનાર આ ચોપડી પહેલેથી છેલ્લે સુધી નિરાંતે વાંચીને એમાં કયા ક્રમે શું લખેલું છે તે જોઈ લે. દરેક પાઠ કેમ ભણાવવાનો છે તે વાંચીને સમજી લે.

**પૂર્વસાધનો**

દરેક ભણાવનાર જો વર્ગમાં એકથી વધારે ભણનાર હોય તો કાળું પાટિયું અને ચોક વાપરે; જો એક જ ભણનાર હોય તો પાટી અને પેન વાપરે. ચોક, પાટિયું, પાટીપેન, એવું કશું જ ન મળે તેવી સ્થિતિ હોય તો પાટિયા પર ધૂળ નાખી શીખવે. અર્થાત પાટિયું અને વતરણું વાપરે, અથવા ધૂળમાં લાકડીથી અક્ષરો કાઢીને શીખવે ચોક સાથે લૂગડાનો કટકો જોઈશે.

**ભણાવતા પહેલાં**

હમેશાં ભણાવતા પહેલાં ( ૧ ) હાજરીપત્રકમાં હાજરી પૂરવી, ( ૨ ) ભણવા આવનારના ખબરઅંતર પૂછવા, ( ૩ ) તેમને કાં તો એકાદ નાની વાર્તા કહી સંભળાવવી, તેમની પાસે કવિતા ગાવી અને ઝિલાવવી, અથવા કાંઈક સારું વાચન વાંચી સંભળાવવું. વાચન-ગાયનનું સાહિત્ય સાંભળનારને ધ્યાનમાં રાખી વાપરવું.

## ભણાવી રહ્યા પછી

સામસામે વરતોઉખાણાં નાખવાં. કવિતા, ગીતો કે જોડકણાંની અંતકડી રમવી. છેવટે રામધૂન બોલાવી છૂટા પડવું.

## ભણાવતી વખતે

મનમાં ખૂબ શાંતિ રાખવી. જ્યારે કોઈને ન આવડે ત્યારે મૂંઝાવું નહિ, પણ કેમ ન આવડયું તેનો વિચાર કરવો. ન આવડે તેને ઠપકો ન દેવો કે તેની હાંસી ન કરવી. બીજા કોઈ તેની હાંસી કરે તો તેનો અણગમો બતાવવો. ન આવડે તેને ઉત્સાહ આપવો. જરા જરા આવડે તોપણ તેને પ્રેમથી વધાવવો. વાહ, ઠીક છે, સરસ, એવા ઉત્સાહપ્રેરક શબ્દો કોઈ કોઇ વાર કહેવા. 'ડોબો' 'ડોઘો' 'જડસો' 'હવે આવડચાં' એમ મશ્કરીમાં પણ ન કહેવું. ચોપડીમાં જે ક્રમ આપ્યો છે તે બનતાં સુધી સાચવવો. કોઈને અમુક અક્ષર બેસે જ નહિ અથવા અમુક અક્ષરનો ઉચ્ચાર આવડે જ નહિ તો તેને માટે તે અક્ષર અને તેનાથી થતા શબ્દો વાકચોમાંથી પડતા જ મૂકવા. તેને તે શીખવવાનો બહુ પ્રયત્ન ન કરવો, પણ નવું અને આગળનું લેવું. ક્રમ તોડીને નવા નવા શબ્દો ને વાકચો યોજવામાં પડવું નહિ. સીધા તીર પેઠે ચાલ્યા જવું, કારણકે આડાઅવળા ચડી જવાથી નવા અને પછીના પાઠો સાથે સાંધણ તૂટી જશે, વખત ઓછો પડશે, ધારેલી મુદતે પહોંચી શકાશે નહિ, તેમ જ ચોપડીની કિંમત પણ કાઢી શકાશે નહિ.

ઉતાવળા ન થવું પણ દઢતાથી ચાલવું. બરાબર આવડયું છે તેની જુદી જુદી પૂછપરછ કરી આગળ વધવું. એકબીજા દેખાદેખીથી માત્ર મોઢેથી વાંચે છે ને ખરેખર નથી વાંચતા, કે કેમ છે; તે તપાસવું. પહેલેથી, છેડેથી, વચ્ચેથી એમ વંચાવવું અથવા બતાવવા કહેવું.



## પુનરાવર્તન

અગાઉના કામનું પુનરાવર્તન કર્યા પછી જ આગળ જવું. શરૂઆતના પાઠોમાં જૂના બધા પાઠોનું પહેલેથી પુનરાવર્તન લેવું. આગળ જતાં તો માત્ર આગલા પાઠનું જ પુનરાવર્તન ચલાવવું, નવું નવું ઝટઝટ શીખવવાની હોંશમાં ન તો ઉતાવળા થવું અગર ન તો પુનરાવર્તન ચૂકવું.

કેવળ ગંભીર મોઢું રાખી ભારેખમ થઈ શીખવ્યા ન કરવું, પણ વચ્ચે વચ્ચે યોગ્ય વિનોદો કરતા જવું, ભણનારને આનંદથી આરામ આપતા જવું ને શીખવવું.

પાઠ ચાલી રહે એટલે **'ચાલો વાંચીએ'**ના કયા પાઠો વાંચવાના છે તે તરફ ભણનારનું ધ્યાન ખેંચવું. એટલા પાઠો તે ઘરે વાંચ્યા કરે તેવો ઉત્સાહ આપવો.

લખવાનું ચાલતી શાળાએ શીખવવાનું નથી; પણ ઘરે જો કોઇ પોતાની મેળે લખે તો વાંધો ન લેવો, પણ ઉત્સાહ આપવો.

કેટલાએકને એકલી આંખે ભણવું નહિ ફાવે તો તેમની પાસે પાટિયા પરનો કે પાટી પરનો અક્ષર જોઇ જોઈને રેતી કે ધૂળમાં કાઢવા કહેવું; અથવા પાટિયા પર કે પાટી પર આંગળી દૂર રાખી થોડો વખત ઘુંટાવવું. પણ આ તો કોઈ ખાસ એવો માણસ હોય કે જેને નજરે જોઈ યાદ રહેતું જ ન હોય, ત્યારે જ.

અક્ષરો ચોપડીમાં બતાવ્યા પ્રમાણેની રીતે જ શીખવવા. પણ અક્ષરો કેમે કરી આ રીતે યાદ ન રહે તો શીખવનાર હૈયાઉકલતથી ઠીક લાગે તે યુક્તિ કાઢી શીખવે. પણ બધાને તે પદ્ધતિએ ચડાવી ન દેવા—ન જ ચડાવી દેવા.

જ્યારે ભણનારને વાંચવાનું કે ઓળખવાનું કહેવામાં આવે ત્યારે

પ્રથમ તેને મનમાં વાંચવાનું કહેવું. મનમાં વાંચ્યા પછી તે મોટેથી વાંચે તેવી જ ટેવ પહેલેથી પડાવવી.

કોઈ ભણનાર બહુ મંદ હોય તો તેને કંઈ પૂછવું નહિ પણ તેને બધું જોવા બેસાડવો. નથી આવડતું એવું ભાન વારેવારે થવાથી તે ગભરાય છે ને વધારે ભુલકણો થાય છે.

જેઓ પાછળ રહેતા હોય તેમને વર્ગ છૂટ્યા પછી જરા વધારે વખત અને જરા વધારે મહેનત લઈ શીખવવું. બધાને સાથે રાખવા આકરા છે, છતાં સાથે કરતા જવું ને ચાલતા જવું, કેમકે તો જ ભણાવવું ઠીક પડે. પણ જેઓ બહુ પાછળ રહી જાય તેમનો જુદો જ વર્ગ જુદે વખતે ચલાવવો, અથવા બીજા ભાઈને સોંપવો અથવા પહેલો વર્ગ ભણીને છૂટે પછી લેવો.

અક્ષરો પાટીમાં કે પાટિયામાં સારા મરોડદાર કાઢવા. શરૂઆતમાં એક જ કદના કાઢવા; એથી આંખને ગોટાળો ન થાય. દરેક પાઠ એકએક દિવસે પૂરો થવો જ જોઈએ એમ ન સમજવું. શીખનારની શક્તિ પ્રમાણે ચાલવું. કોઈ એકથી વધારે પાઠો લઇ શકે તો જરૂર આગળ દોડવું.

# ચોપડીની રચના

•

૧ આ ચોપડી સર્વસામાન્ય અભણવર્ગ માટે હોઇ, કોઈ એકાદ વિશેષવર્ગને નહિ પણ સર્વને ધ્યાનમાં રાખીને લખેલી છે. છતાં અભણવર્ગ ગામડામાં ખૂબ વધારે છે તેથી કંઈક પ્રમાણમાં ખેડૂત-જીવનના પાઠો વધારે દેખાશે. છતાં તે પાઠો એવા છે કે બીજાઓ પણ તેમાં સમજી શકે ને રસ લઈ શકે. અર્થાત ખેડૂતના સર્વ સાધારણ જીવનના પાઠો છે.

૨ આ ચોપડીના પાઠોમાં ઘરગથ્થુ જીવનના શબ્દો અને સંબંધસૂચક શબ્દો વધારે લીધા છે, કેમકે તે નજીકના હોઈ તે વાંચવામાં રસ પડે અને ઝટ યાદ રહે. જેનો અર્થ ભણનાર માટે અઘરો હોય સુગમ ન હોય તેવા શબ્દો નથી રચ્યા. શબ્દ ખાતર શબ્દ નથી મૂક્યો, રસભર્યા અર્થ ખાતર મૂકેલ છે.

૩ ભણનારાંઓ જિજ્ઞાસુ છે; તેઓ વાંચે તેનો અર્થ સહેલથી સમજી શકે તેટલી તેમનામાં વ્યવહારુ સમજણ છે, એટલે તેમને માટે વહેલી તકે વાક્યોનું વાચન દાખલ કરી શકાય. આથી કક્કો અને બારાખડી શીખી જાય ત્યાં સુધી વાચનથી તેમને દૂર રાખ્યા નથી. ઊલટું પહેલે જ પાઠે 'આજે કંઈક શીખ્યા; આપણે તો વાંચ્યું.' એવો આનંદ અને ખાતરી લઈને ઘેર જાય તેવી રચના કરી છે. એટલે કે થોડાએક અક્ષરો લીધા છે, તુરત કાનો લીધો છે, અને 'છે'ની મદદથી તુરત વાક્યો સાધ્યાં છે. એક પાઠ જો તેઓ પૂરો કરી લે તો તેમનામાં ભણવાનો રસ જાગશે. તેમને વિશ્વાસ આવશે. પાઠ જેમ જેમ આગળ વધતા જાય છે

તેમ તેમ નવા અક્ષરો દાખલ કર્યા છે. નવા અક્ષરો નવો પાઠ અનુકૂળ રીતે યોજવા ખાતર લેતા ગયા છીએ, અક્ષરો દાખલ કરવા ખાતર નવા પાઠો યોજ્યા નથી; જ્યારે પાઠમાં ઝટ ન આવે તેવા અથવા શીખવવામાં જરા કઠણ છે તેવા અક્ષરો છેડા પર લીધા છે. મૂળ લક્ષ અક્ષરો ઉપર નથી પણ અક્ષરોને વાચનમાં વાપરવા ઉપર છે. જોકે અક્ષરો વિના વાચન ચાલતું જ નથી.

બારાખડીમાં કાનો, ઈકાર ને પછી તુરત જ એક માત્રા લીધેલ છે, તેનું કારણ વાક્યવાચન પહેલું આણવા ને કામ રસિક કરવા માટે જ છે. એ જ કારણથી 'ઓ' (ઓકાર) પણ વહેલો લીધેલ છે. કાનો ને માત્રા દાખલ કરવાથી આપણે 'મારો છે મોર' ને બીજી કવિતાઓનું વાચન બહુ વહેલું સુલભ કરી શક્યા છીએ.

૪ પ્રત્યેક નવા પાઠ ઉપર પુનરાવર્તનના પાઠો–ઈતર વાચન પાઠો –લખ્યા નથી, કેમકે આ પાઠો મૂળ પાઠ ગણ્યા છે. આ પાઠો જેટલા પાકા થાય તેટલી શકિત જામશે. એટલા માટે આ જ પાઠોનું પુનરાવર્તન ફરી ફરી કરવાની ખૂબ જરૂર રહેશે. ઈતર વાચન માટે ભણનારને સ્વપ્રયત્ન માટે છૂટો મૂકવો.

૫ પાઠ ૧૭મો અનુનાસિક ઉકારનો છે. એવા શબ્દો વાંચનમાં નડે તેમ હોઇ તેનો ખાસ પાઠ મૂકયો છે. ખાસ કરી શબ્દપરિચયનું મહત્ત્વ વધારે હોઇ પાઠ વાકયોનો છે તે કરતાં શબ્દોનો વધારે છે.

૬ પાઠ ૨૧મો અનુનાસિક શબ્દોનો છે પણ તે જુદી રીતે ઉચ્ચારાય છે તેવાનો છે. આવા શબ્દોના ઉચ્ચારો તરફ ધ્યાન ખેંચવા આ પાઠ મૂકેલો છે.

૭ ૈ, ૌ, આમાં ખાસ લીધા નથી. શરૂઆતના વાચનમાં મોટે ભાગે તેનું કશું કામ પડતું નથી.

૮ જોડાક્ષરો શીખવવાની પ્રચલિત એક પણ રીત લેવાનું શકય નથી લાગ્યું. ભણનારને થોડી મુદતમાં કાંઈક વાંચતો કરવો



[જોડાક્ષરોના નિયમો સમજાવીને શીખવવાનું કામ ઘણું આકરું અને લાંબા વખતનું છે તે સૌ શીખવનારા જાણે છે.] એ ઉદ્દેશ દૃષ્ટિમાં હોવાથી પાઠોમાં સીધેસીધા જોડાક્ષરો વાપર્યા છે. તે વાંચતાં કેમ આવડે તે ચોપડીમાં આપેલ છે; તે અંગેની શાસ્ત્રીયતા 'કઈ શિક્ષણપદ્ધતિથી?'માં આપેલ છે.

૯ જોડાક્ષરોની યાદી તે તે પાઠની સાથે આપેલી છે. આમાં વપરાયેલા જોડાક્ષરો વાંચ્યા પછી નવા જોડાક્ષરો ભણનાર સહેલાઈથી વાંચી શકશે, કેમકે તેમાં ઘણાખરા સાદા જોડાક્ષરોના પ્રકારોનો પરિચય આવી જાય છે.

૧૦ ચોપડીમાં વાચન રસદાયક થઈ શકે તેટલું કર્યું છે. સાથે તે વાચન આડકતરી રીતે ઉપયોગી છે એમ જોયું છે. પણ ઉપદેશાત્મક વસ્તુ ખાસ મૂકવાનો આગ્રહ નથી રાખ્યો. ઉપયોગી અને જીવનને દોરનારી ચોપડીઓ વાંચનારના વર્ગવાર બહાર પાડવાની જરૂર છે જ. હમણાં તો વાચનશક્તિ વધારવાની ખાતર વસ્તુની ગોઠવણને ખાસ લક્ષમાં રાખેલ છે.

૧૧ લોકગીતો અને કવિતાઓ વાચનમાં મદદ કરે, યાદ હોવાથી વાચન દૃઢ થાય અને ચોપડીના ભણતરને અંતે કાંઈક મનમાં રહી જાય એવું પણ ભણાય, એ માટે મૂકેલી છે. બીજાં ઘણાં સારાં લોકગીતો અને સુંદર કવિતાઓ છે, પણ આટલી નાની ચોપડીમાં કેટલુંક લેવાય?

૧૨ આ ચોપડીની રચના અનુસાર કોઈ વિશેષવર્ગ માટે વિશેષવર્ગને માફક આવે એવું વસ્તુ મૂકી વિશેષ ચોપડી બનાવી શકે છે. વિશેષવર્ગને વિશેષ વસ્તુવાળી ચોપડી વધારે ભાવશે. પણ આ ચોપડી તો આગળ કહ્યું છે તેમ સર્વસાધારણ અભણવર્ગ માટે યોજી છે.

# કઈ શિક્ષણપદ્ધતિથી

•

આ ચોપડી કઈ પદ્ધતિથી ભણાવવી તેની સામાન્ય સૂચનાઓ ઉપર આપેલી જ છે. છતાં આમાં એકંદરે શિક્ષણની કઈ પદ્ધતિ અગર પદ્ધતિઓનો સ્વીકાર કરવામાં આવેલો છે તે જાણવું જરૂરનું છે.

અક્ષરશિક્ષણને માટે આમાં 'Sight and Sound- બતાવવું અને ઉચ્ચાર કરવો' એ પદ્ધતિ લીધેલ છે. અક્ષરોની જોડી પ્રથમ બતાવવી, પછી નામ આપી ઓળખાવવા, અને પછી નામ પૂછવું, એ રીતમાં સેગુઈનનાં ત્રણ પદો છે. બાલમંદિરમાં અત્યારે ચાલતી બારાખડી શીખવવાની રીતને આધારે બારાખડીનું શિક્ષણ દાખલ કર્યું છે. આ પદ્ધતિને આપણે ચલમૂળાક્ષર પદ્ધતિ (movable letters) એવું નામ આપી શકીએ. 'છે' ને 'આ' જેવા શબ્દો, ને પછી દાખલ કરેલા બીજા જોડાક્ષરોને માટે બીકન પદ્ધતિમાં શબ્દો શીખવવાની રીત છે તે રીત લીધી છે; અર્થાત્ 'શબ્દદર્શન' પદ્ધતિનો અંગીકાર કર્યો છે. આ હેતુ સાધવા માટે આપણે આ ચોપડીની પદ્ધતિને બરાબર વળગી રહી તેનો સચોટ અમલ કરી ફતેહમંદ નીવડીએ.

# કેમ શીખવવું

•

## પાઠ ૧ લો

**શ્રી**

ક ન દ મ

કા ના દા મા

કાકા નાના દાદા મામા

કાકા છે. દાદા છે.

નાના છે. મામા છે.

**નાના કાકા છે.**

**નાના દાદા છે.**

**કાકા નાના છે.**

**મામા નાના છે.**

**કાના કાકા નાના છે.**

**નવા અક્ષરો :—**

**શ્રી ક દ ન મ**

**નવા શબ્દો :—**

છે

**નવી બારાખડી :—**

ા ( કાનો )

**શીખવવાની રીત :—**

શ્રી મંગલસૂચક નિશાની. એ પાટી કે પાટિયા પર લખીને ઓળખાવવો. ત્યાર પછીના અક્ષરો નીચે લખી રીતે શીખવવા. બનતાં સુધી અક્ષરોની જોડી એટલે બે બે અક્ષરો લેવા. ક અને દ; ન અને મ. પાટિયા પર, પાટી પર, ધૂળમાં કે કાગળ પર **ક** અને **દ** મોટા કાઢીને બતાવવા ને તેનાં નામ આપવાં. બેચાર વાર બતાવવા ને નામ બોલાવવાં. ભણનાર એક હોય તો એક પાસે અને એકથી વધારે હોય તો દરેક પાસે વારાફરતી બોલાવવું. ત્યાર પછી 'ક બતાવો', 'દ બતાવો', એમ પૂછી ભણનારને બતાવવા કહેવું–એક હોય તો એકને અને વધારે હોય તો વરાફરતી બધાને. વારો ક્રમે લેવો, અને વિના ક્રમે પણ લેવો. અક્ષરો વારંવાર જુદા જુદા કદમાં લખીને તે અગાઉ પેઠે વારાથી પૂછવા. બધાને પાકું થઈ જાય એટલે શીખવનારે અક્ષર તરફ આંગળી ચીંધી ભણનારને પૂછવું : 'આ કયો અક્ષર?' ભણનાર કહેશે : 'ક' 'દ'. ઉપર લખ્યા પ્રમાણે ભણનાર એક હોય તો એકને અને ઘણા હોય તો સૌને વારાફરતી પૂછવું.

આ પ્રમાણે બધા અક્ષરો ધીમે ધીમે શીખવવા.

એક જોડી આવડે પછી બીજી લેવી : **ન મ.** ઉપરના ધોરણે જ તે શીખવવી. પહેલી જોડી પાકી થયા પછી જ બીજી લેવી. કાચું કામ આગળ ચલાવવું નહિ.

ક દ ન મ આવડ્યા એટલે બારાખડી શીખવવી. તે



શીખવવાની રીત :—

ક પાસે ા કાનો મૂકી કા બોલાવવું.
દ પાસે ા કાનો મૂકી દા બોલાવવું.
ન પાસે ા કાનો મૂકી ના બોલાવવું.
મ પાસે ા કાનો મૂકી મા બોલાવવું.

ઉપર આપી રીત પ્રમાણે પાકું કરાવવું અને છેવટે પાટિયા પર લખવું અને વંચાવવું :—

| | |
|---|---|
| ક | કા |
| દ | દા |
| ન | ના |
| મ | મા |

આટલું થયા પછી બે કા, બે ના, બે દા અને બે મા સાથે મૂકી વાંચવા અગર વંચાવવા.

| | |
|---|---|
| કાકા | દાદા |
| નાના | મામા |

વાંચ્યા પછી પાકા કરાવવા.

અહીં ભણનાર સમજીને વાંચી શકશે. શબ્દો વારંવાર ભૂંસીને નવા લખવા; આડાઅવળા પણ લખવા.

પછી **છે** શબ્દ પાટિયા પર સીધો લખીને વંચાવવો. તે આવડે એટલે નીચેનાં વાક્યો વાંચી શકશે :—

| | |
|---|---|
| કાકા છે. | નાના કાકા છે. |
| નાના છે. | નાના દાદા છે. |
| દાદા છે. | કાકા નાના છે. |
| મામા છે. | દાદા નાના છે. |

મામા નાના છે.

નાના મામા છે.

કાના કાકા નાના છે.

પહેલો પાઠ એક દિવસમાં થવો જ જોઈએ એમ નથી. થઈ શકશે એમ ધારીને મૂકયો છે. જો ઓછું થાય તો ઓછું કરવું. બીજો પાઠ લેવાની જરૂર પડે તો લેવો. ઉતાવળા થઇ કાચું દોડવું નહિ. બનતા સુધી અક્ષરો તથા શબ્દો અને વાકયો શીખવવાનો ક્રમ પાઠમાં આપ્યો છે તે જાળવવો, પણ અનુભવ સાથે ક્રમ ફેરવવો.

ઉપર પ્રમાણે પહેલો પાઠ પૂરો થાય એટલે ભણનાર **'ચાલો વાંચીએ'** નો પાઠ પહેલો વાંચી શકશે. અર્થાત આ વખતે તેના હાથમાં ચોપડી આવી જવી જોઈએ.

વળી ઉપરની વિગતે જેમ જેમ પાઠ ચાલતો જાય ને સાથે સાથે જેટલા શબ્દો અને વાકચો થતાં જાય, તેટલાંનું પુનરાવર્તન વાચન ઘેર બેઠાં થાય માટે ચોપડીમાં તે કયાં છે તે ભણનારને બતાવી દેવું.

જો ભણનારના હાથમાં 'ચાલો વાંચીએ' ન આવી હોય તો શીખવેલો પાઠ તેને લખી આપવો એટલે તે ઘેર વાંચી પાકો કરશે.

☆


# જ્ઞાન વિકાસ માળા

**રૂા. ૪૨ની ૪૦ પુસ્તિકા રૂા. ૩૦ રૂપિયાની કિંમતમાં મળી શકશે.**

| પુસ્તિકાનું નામ | પુસ્તિકાનું નામ |
| --- | --- |
| ગામ સુખી તો સૌ સુખી | ઇશ્વરનું મદિર |
| તિરૂવલ્લુવર | કબરોનો વિલાપ |
| શિબિ અને દધીચિ | વાઘની શોધમાં |
| બદ્રીનાથ | પંઢરપુર |
| સરદારની વાતો | સંત જ્ઞાનેશ્વર |
| બાપુની વાતો | સારૂં કર્યું કે ખરાબ ? |
| વિનોબા ભાવે | બાહુબલી અને નેમીનાથ |
| આપણે સુખી કેમ રહીએ ? | કેટલી જમીન જોઈએ ? |
| તીર્થરાજ પ્રયાગ | નરસિંહ મહેતા |
| ગંગાજી | લોકગંગા |
| ગાંધીજીનું વિદ્યાર્થીજીવન | સમર્થ રામદાસ |
| હઝરત ઉમર | આંદામાન નિકોબાર |
| અતિલોભ પાપનું મૂળ | બીમારી કેમ દૂર કરશો ? |
| મંગળ કથાઓ | રામેશ્વરમ્ |
| ચૈતન્ય મહાપ્રભુ | નેતાજી સુભાષચંદ્ર બોઝ |
| ટાગોરની બોધકથાઓ | ગાંધીજીનો સંસાર પ્રવેશ |
| કાવેરી | સહકારથી કામ કરો |
| તેલનો ઇતિહાસ | ધરતીનો ઇતિહાસ |
| દ્વારકા | રાજા ભોજ |
| કૈલાસ માનસરોવર | ખ્વાજા મુઈનુદ્દિન ચિશ્તી |

**પ્રાપ્તિસ્થાન : સંસ્કાર સાહિત્ય મંદિર**
**પો. બો. નં. ૩૪ : ભાવનગર**

**'અક્ષરજ્ઞાનની યોજના'** નો ઉદ્દેશ હિંદી હરેક જણને અને આજે આપણી ભાષા ગુજરાતી દ્વારા હરેક અભણ બૃહત ગુજરાતીને વાંચતો કરવાનો છે.

'અક્ષરજ્ઞાનની યોજના' ઉપાડવાનું આપણે સાક્ષરોને એટલે જેને જેને વાંચતાં આવડે છે તેને માથે આવી પડે છે. આપણે એટલે હરેક વ્યક્તિએ, હરેક વાંચી શકે છે તેણે; આપણે એટલે આપણા જુવાનો–જુવાન વિદ્યાર્થીઓ. જુવાનો રાત્રિશાળાઓ કાઢે, ગામડે ગામડે ફરે અને 'અક્ષરજ્ઞાન' શાળાઓ ચલાવે. શેરીએ શેરીએ, લત્તે લત્તે, રાત્રે કે દિવસે, બહેનો તથા ભાઈઓ માટે અક્ષરજ્ઞાન શાળાઓ ચલાવે. ચીનના જુવાનોએ એક જ વર્ષમાં ચીનને અક્ષરજ્ઞાનવાળો કરી મૂકયો છે! યુવાનો ધારે તો ગુજરાતની નિરક્ષરતા કેટલા દિવસે નભે?

આપણે સૌ – જુવાન કે વૃદ્ધ, સ્રી કે પુરૂષ, જે કોઈ ભણેલ છે અને ભણાવી જાણે છે, તે સૌ આમાં મેદાન પડો અને કેટલા ય વખતથી આપણને સીધી અને આડકતરી રીતે પીડી રહેલા અજ્ઞાનને દૂર કરવા ઝૂકી જાઓ. ઈશ્વર આપણો પ્રયત્ન પાર પાડશે!

**ભણનાર માટેનાં પુસ્તકો**

| | | | |
|---|---|---|---|
| ચાલો વાંચીએ | ૧–૫૦ | આગળ વાંચો–૨ | ૧–૫૦ |
| આગળ વાંચો–૧ | ૧–૫૦ | આગળ વાંચો–૩ | ૧–૫૦ |

મુદ્રક : શ્રી રામાનન્દ પ્રિ. પ્રેસ. કાંકરિયા રોડ, અમદાવાદ ૨૨.
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર પો. બો. નં. ૩૪, ભાવનગર